ધાનેરામાં ઠાકુર મંદિર અને રાધાકૃષ્ણ મંદિરે ભક્તો દ્વારા ધજા ચડાવવામાં આવી



સમગ્ર જગ્યાએ ખૂબ જ ઉત્સાહ સાથે જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ધાનેરામાં આવેલ ઠાકોર મંદિર તેમજ રાધાકૃષ્ણ ના મંદિરે ભક્તોએ ખૂબ જ ઉત્સાહ સાથે પૂજા અર્ચના કરી હતી અને તે બાદ ધજા ચડાવવામાં આવી હતી .મોટી સંખ્યામાં એકત્ર થઈ રાધાકૃષ્ણ ની આરતી કરી હતી. આરતી કર્યા બાદ ખૂબ જ ભક્તિ ભાવપૂર્વક પૂજા અર્ચના કરી ધજા ચડાવી જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરી હતી.

ધાનેરામાં જન્માષ્ટમી નિમિતે શોભા યાત્રા તેમજ મટકી ફોડ કાર્યક્રમ યોજાયો

શ્રાવણ માસના પવિત્ર દિને હિન્દૂ ધર્મના અનેક તહેવારો આવે છે અને આખો માસ ભક્તિ ના રાશ માં ગાજી ઉઠે છે . ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ના જન્મદિવસ શ્રાવણ માસ ની આઠમ ના રાતે બાર વાગે કાનુડા નો જન્મ થાય છે. તે ખુશી માં હિન્દૂ ધર્મ માં ભારત દેશ માં અનેરો કાર્યક્રમ યોજાય છે. ધાનેરામાં જન્માષ્ટમી નિમિત્તે રાષ્ટ્રીય બજરંગ દળ તેમજ મહિલા ટીમ દ્વારા આજે શોભાયાત્રા નીકળવામાં આવી. આ શોભાયાત્રા લાધુરામ નાં ડેરે થી નીકળી હતી .અને પ્રગતિ સોસાયટી હિંગળાજ સોસાયટી તેમજ અન્ય સોસાયટી માં આ શોભાયાત્રા ફરી હતી .આ શોભાયાત્રા ડી.જે ના તાલે નાચતાં ગાજતા "હાથી ઘોડા પાલકી જય કનેયા લાલકી ના નારા થી શોભાયાત્રા માં લોકો ને આનંદ મળ્યો હતો. અને મોટી સંખ્યામાં ભાઈ બહેનો શોભાયાત્રા માં જોડાયાં હતાં .અને ભગવાન શ્રી કૃષ્ણના જન્મ દિવસની ઉજવણી ને લઈ ઠેર ઠેર મટકીઓ પણ ફોડવામાં આવી હતી. આમ ધાનેરા માં જન્માષ્ટમી કાર્યક્રમ માં લોકો એ આનંદ વ્યક્ત કર્યો હતો.

બનાસકાંઠાના યુવાનોની ૩૨૨ ટીમે જન્માષ્ટમીએ પથનાટય કરી ભગવાન શ્રીકૃષ્ણના વિચારોને ફેલાવ્યા

બનાસકાંઠામાં સ્વાધ્યાય પરિવારના યુવકોની ૩૨૨ ટીમોએ જન્માષ્ટમીએ મટકી ફોડી ન હતી પણ પથનાટક ભજવી ભગવાન શ્રીકૃષ્ણના વિચારોને ફેલાવ્યા હતા. આ ટીમમાં કોઇ પ્રોફેશનલ કલાકારો નહી પણ ખેડૂત, શિક્ષક, છાત્રો અને શ્રમિકો પોતાના કામમાંથી સમય કાઢી નાટકો ભજવ્યા હતા. સ્વાધ્યાય કાર્યના પ્રવર્તક પાંડુરંગ શાસ્ત્રી આઠવલેની પ્રેરણાથી સ્વાધ્યાય પરિવારનો યુવા વર્ગ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અનોખી રીતે ઉજવે છે. ભગવાન શ્રીકૃષ્ણની જયંતિની ઉજવણી કેવળ મટકી ફોડીને ન કરતાં તેમના વિચાર સમાજના પ્રત્યેક વ્યકિત સુધી પહોચે તે માટે પાંડુરંગ શાસ્ત્રીએ યુવાનોને પથનાટ્યની સંકલ્પના આપી છે. આ વૈશ્વિક મહાયજ્ઞમાં બનાસકાંઠાના પાલનપુર તાલુકાના યુવાનોની ૫૫ ટીમો, ડીસા તાલુકાના યુવાનોની ૯૧ ટીમો મળી જિલ્લાની કુલ ૩૨૨ ટીમો પથનાટયમ ભજવી કૃષ્ણના વિચારોનું વાવેતર કર્યું હતું. જેમાં ભગવાન શ્રીકૃષ્ણે ભગવતગીતામાં કહેલા વિચારો જીવનમાં સાકારિત થતાં વ્યકિત, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર એમ સૌનો ઉત્તરો વિકાસ શક્ય છે. આ વિચારો સાથે સ્વાધ્યાય પરિવારના યુવાનો દરેક ગામમાં પથનાટ્ય કર્યા હતા. આ ટીમમાં કોઇ પ્રોફેશનલ કલાકારો નહી પણ ખેડૂત, શિક્ષક, છાત્રો અને શ્રમિકો પોતાના કામમાંથી સમય કાઢી નાટકો ભજવ્યા હતા.

મેશ્વો, વૈડી ૧૦૦ ટકા ભરાયા, વાત્રક ડેમમાં માંડ ૫૦ ટકા પાણી

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના જળાશયોને શ્રાવણ માસ ફળ્યો હોય તેમ ધોધમાર વરસાદના કારણે તમામ જળાશયો જળતરબોળ થયાં છે. મેશ્વો અને વૈડી જળાશયમાં ૧૦૦ ટકા પાણીના સંગ્રહ સાથે જિલ્લાના ૧૧ જળાશયમાં સરેરાશ ૭૦.૨૪ ટકા પાણી સંગ્રહ થતાં આગામી બે સીઝન માટે ખેડૂતોને સિંચાઈનાં પાણી મળી શકે છે. જો કે અરવલ્લીની સૌથી મોટી જળાશય યોજના વાત્રક ડેમમાં માંડ ૫૦ ટકા પાણી સંગ્રહીત થયું છે. આ વખતે ચોમાસાની પેટર્નમાં ખાસ્સો બદલાવ જોવા મળ્યો છે. ટ્રાયબલ વિસ્તારોમાં અગાઉ વરસાદની અછત રહેતી હતી ત્યાં જળતરબોડની સ્થિતિ વરસાદે પેદા કરી અષાઢ મહિનાના અંતમાં વરસાદનું જોર વધ્યા પછી શ્રાવણ માસમાં પણ સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસ્યો જેના કારણે નદી, તળાવ, ચેકડેમ પાણીથી તરબોડ થઈ ગયા. જ્યારે ઉપરવાસમાં પણ સતત વરસાદની હાજરીના કારણે દોઢ મહિના અગાઉ તળીયા ઝાટક જોવા મળતા વાત્રક, ગુહાઈ, માઝૂમ, હાથમતી, લાંક, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા, વરાંસી અને ગોરઠીયા સહિતના જળાશયોમાં પાણીની ધીંગી આવક થઈ છે. જળાશયો તેના એફ.આર.એલ. લેવલ સુધી પહોંચી જતાં શ્રાવણ માસના વરસાદે પાણીનું આખું ચિત્ર જ બદલી નાખ્યું છે. જળાશયોમાં પાણીની ભરપુર આવક થવાના કારણે આગામી શિયાળ તેમજ ઉનાળ ખેતીની સીઝનને સિંચાઈનો લાભ મળવાની આશા જાગી છે. જ્યારે વરસાદ થંભી ગયા પછી પણ જળાશયોમાં પાણીની ધીમી આવક યથાવત રહી છે. જિલ્લામાં મોટાભાગના જળાશયોમાં પાણીનો સંતોષકારક જથ્થો સંગ્રહીત થવાથી પાણીની ચિંતા આપો આપ હલ થઈ છે.

બાયડના સેવા સમ્રાટ અશોક જૈન, ૨૨૫ થી વધુ મંદબુદ્ધિ અનાથ મહિલાઓ માટે માતા-પિતાની ભૂમિકા ભજવી

રાજ્યપાલના હસ્તે વિશિષ્ટ સેવાઓ બદલ સન્માન કરાયું

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૧

વાત છે બાયડના સેવા સમ્રાટ અશોક જૈનની, બાયડને પોતાની કર્મભૂમિ બનાવી અને એવું સેવા કાર્ય કર્યું કે સમગ્ર દેશમાં બાયડનું નામ ગુંજતું કરી દીધું. અશોક જૈનનું નામ સેવાભાવિઓ માટે પ્રચલિત છે પરંતુ હવે આમ આદમી પણ તેમની સેવાઓમાંથી પ્રેરણા લઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં રાજ્યના ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી તેની પૂર્વ સંધ્યાએ મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મોડાસામાં સેવાકીય પ્રવૃત્તિઓ બદલ જયઅંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ-બાયડના પ્રમુખ અશોક એસ. જૈનનું સન્માન થયું ત્યારે ઉપસ્થિત જનસમુદાયની જે લોકચાહના હતી તે અનન્ય હતી. રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ગત તા.૧૯ મે.ના રોજ બાયડના જયઅંબે મંદબુદ્ધિ આશ્રમની વિશેષ મુલાકાત લઈ અવિસ્મરણીય સેવા તરીકે ઉલ્લેખ કર્યો હતો.

આજે અનેક પરિવારમાં વડીલ કે સંતાન કાયમી બિમાર રહેતું હોય તો કેવો માહોલ હોય છે તે સૌ પરિવારજનો જાણતા હોય છે. ત્યારે બાયડમાં એક સામાન્ય દુકાનદાર તરીકે ઓળખ પ્રસ્થાપિત કર્યા પછી ભાદરવી પુનમના મેળામાં પદયાત્રીઓ માટે વિસામા અને ત્યાર પછી રસ્તે રખડતી મંદબુદ્ધિની મહિલાઓ કોઈ ભૂખ્યા વરૂના શિકાર ન બની જાય તેની ચિંતા કરીને અશોક જૈને આવી પાગલ મહિલાઓને શોધી શોધીને પાલિતાણા આશ્રમમાં વિના મૂલ્યે મૂકવાની શરૂઆત કરી. શરૂઆતમાં તો અનેક લોકો અશોક જૈનને પાગલપણ ગણીને ઠેકડી ઉડાવતા હતા પરંતુ બાયડમાં જયારે ૪ વર્ષ અગાઉ ભાડાની જગ્યામાં મંદબુદ્ધિ મહિલા આશ્રમની શરૂઆત થઈ અને એક પછી એક ૧૫૦ મંદબુદ્ધિ મહિલાઓનું દિવાનાપન ધરાવતું મંદિર બની ગયું ત્યારે ટીકાકારોની બોલતી બંધ થઈ ગઈ. બાયડ જેવા રાજકીય લેબોરેટરી ગણાતા વિસ્તારમાં સેવાકીય કાર્યોની ધૂણી ધખાવી અઘરી છે પરંતુ બાયડના સેવા સમ્રાટ બનેલા અશોક જૈને તમામ કડવા ઘૂંટડાને મધની જેમ સ્વાદિષ્ટ બનાવી લીધા. પ્રસંશા અને ટીકાને પગથિયાં બનાવી દીધાં અને આજે કરોડો રૂપિયાના ખર્ચે બાયડ પ્રાંત કચેરી નજીક મંદબુદ્ધિની મહિલાઓના નિવાસસ્થાન માટે સુવિધાયુક્ત આશ્રમ બનાવ્યો. અશોક જૈન ઉપર અતૂટ વિશ્વાસના કારણે જિલ્લા તેમજ રાજ્યના ખૂણે ખૂણેથી અવિરત મદદનો ધોધ વહેતો રહ્યો. આજે લોકો બાયડમાં મંદબુદ્ધિ મહિલા આશ્રમ જોવા માટે આવી રહ્યા છે. તાજેતરમાં જ રાજ્યપાલના હસ્તે જયઅંબે મંદબુદ્ધિ અનાથ મહિલાઓના આશ્રમ થકી સેવાનું ઉમદા કાર્યકરનાર અશોક જૈનનું સન્માન થયું ત્યારે જિલ્લાની પ્રજા ખૂલીને બોલી કે સાચા અર્થમાં કળીયુગના યુગઋષિનું સન્માન થયું છે. બાયડના સેવા સમ્રાટ અશોક જૈન વધુ ને વધુ સેવાકીય કાર્યો કરે અને ભગવાન તેમને ભરપૂર શક્તિ આપે તેવી સૌ પ્રાર્થના કરી રહ્યા છે.

ગુજરાત ગૌરવ સેવા રત્ન એવોર્ડથી પણ સન્માન કરાયું..

બાયડના અશોક જૈનનું બિનવારસી મનોદિવ્યાંગ બહેનોની અવિરત નિસ્વાર્થ સેવા કરવા બદલ ગુજરાત ગૌરવ સેવા રત્ન-૨૦૨૨ એવોર્ડ સન્માનપત્ર અને પારિતોષિક આપીને પણ ઑગષ્ટ મહિનામાં જ સન્માન કરાયું હતું.

૨૦૪ દિવ્યાંગ મહિલાઓને પરિવાર સાથે મિલન કરાવ્યું

બાયડના જયઅંબે મંદબુદ્ધિ આશ્રમમાં રાજ્યના ખૂણે ખૂણે રોડ ઉપર ભટકતી મહિલાઓને લાવીને ઉત્તમ સારવાર અને ભોજન આપવામાં આવે છે. વિવિધ રાજ્યોની ભાષાના જાણકાર દુભાષીયાઓને પણ બોલાવીને તે શું કહેવા માગે છે તે જાણવાનો પ્રયાસ કરી મહિલાના ગામ અને પરિવારજનો સુધી પ્રયાસ થતા હોય છે. ગત તા.૪ ઑગષ્ટ સુધીમાં ૨૦૪ દિવ્યાંગ મહિલાઓને પરિવાર સાથે મિલન કરાવ્યાનું પણ જાણવા મળ્યું છે.

પોલીસ કૃષ્ણ ભક્તિમાં લીન, તસ્કરોએ લીલા કરી

બાયડમાં ૩ મકાનમાં તસ્કરોનો હાથ ફેરો, રૂા. ૪૦૦૦ની મત્તા ચોરાઈ : તસ્કર ગેંગ સી.સી.ટીવી કેમેરામાં કેદ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

બાયડ પોલીસ કૃષ્ણ ભક્તિમાં લીન હતી ત્યારે તસ્કરોએ ગાબટ રોડ ઉપર આવેલ શિવાલીક અને

મલ્હાર બંગ્લોઝ સોસાયટીના ૩ બંધ મકાનના તાળા તોડી અંદાજીત રુ ૪૦૦૦ની મત્તા ચોરી જતાં પોલીસની ફરી એકવાર બેદરકારી સામે આવી છે. તસ્કર ગેંગ સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ છે. જ્યારે બાયડ પોલીસે તસ્કરી અંગે કોઈ ફરિયાદ ન મળ્યાનું જણાવ્યું છે. - પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ પોલીસની નિષ્ક્રિયતાથી શહેરમાં દારૂની બદી ફૂલી ફાલી છે. જ્યારે ૨ મહિના અગાઉ ઘાડપાડું ગંગના આતંક પછી પણ પોલીસમાં કોઈ સતર્કતા આવી હોય તેવું દેખાતું નથી. બાયડ નગરપાલિકાના કેમેરા બંધ હોવાથી તસ્કરી સહિત લૂંટફાટ સહિતના ગંભીર ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસનો પનો ટૂંકો પડી રહ્યો છે. ગત રોજ જન્માષ્ટમી પર્વ હોવાથી બાયડના નગરજનો કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં સવાર થી લીન બન્યા હતા. રાત્રે ૧૨-૦૦ના ટકોરે બાયડના ૧૨ થી વધુ મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો તે સમયે ગાબટ રોડ ઉપર આવેલી સિવાલીક સોસાયટી અને તેની સામે આવેલ મહાર સોસાયટીમાં બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ બારણાના નકુચા તોડી તિજોરી-કબાટ સહિતનો સામાન રફે દફે કર્યો હતો. જેમાં એક શિક્ષક પરિવારના ઘરમાંથી ચાંદીના છેડા ઉસેડી ગયા હતા. જ્યારે અન્ય એક પ્રા.શિક્ષકના ઘરમાં પણ તસ્કરોએ હાથફેરો કર્યો છે પરંતુ પરિવાર બહાર હોવાથી કેટલા રૂપિયાની તસ્કરી થઈ છે તે જાણવા મળ્યું નથી.

કોના ઘરે તસ્કરી...

પંકજભાઈ બાબુભાઈ બારોટ, સિવાલીક સોસાયટી પીનલભાઈ ચંદુભાઈ પટેલ, શિવાલીક સોસાયટી કાશ્મીરાબેન કટારા, મલહાર સોસાયટી

તસ્કરો, ૪ તસ્કરો સીસી ટીવી કેમેરામાં કેદ....

જન્માષ્ટમી રાત્રિએ બાયડના સોસાયટી વિસ્તારોમાં ત્રાટકેલા તસ્કરો સી.સી.ટીવી કેમેરામાં કેદ થયા છે. જેમાં ૬ તસ્કરોની ગેંગ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે તે પૈકી ૪ તસ્કરો સી.સી.ટીવી કેમેરામાં કેદ છે.

હાઈવેમાં ખાડા કે ખાડામાં હાઈવે..?? કળવું મુશ્કેલ

હિંમતનગર-શામળાજી હાઈવેની ધોધમાર વરસાદથી પથારી ફરી : આત્મઘાતી ખાડા ન પૂરાતાં ખોટકાતાં વાહનો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

હિંમતનગર-શામળાજી હાઈવેની ધોધમાર વરસાદથી પથારી કરી છે. ઠેક ઠેકાણે મસમોટા ગાબડાંના કારણે હાઈવેમાં ખાડા કે ખાડામાં હાઈવે..?? તે કળવું મુશ્કેલ બન્યું છે. હાઈવે ઓથોરીટી દ્વારા આત્મઘાતી ખાડા પૂરવામાં ન આવતાં ભારે વાહનો રસ્તામાં ખોટકાઈ જતાં હોવાથી વાહન વ્યવહારને અસર થઈ રહી છે. ખાડાના કારણે નાના-મોટા અકસ્માતો વધી ગયા હોવાથી વરસાદ બાદ મોટાખાડા ગમે તે વાહન ચાલકનો ભોગ લે તેવી સ્થિતિ છે.

ફોરલેન નેશનલ હાઈવેને સીક્સલેનમાં પરીવર્તિત કરવાનું કામ ઘણા સમયથી ઠપ્પ થયું છે. હાઈવે ઓથોરીટીને માત્ર વાહનો પાસેથી ટેક્ષ ઉઘરાવવામાં જ રસ રહ્યો છે જેના કારણે ચોમાસાના આરંભ સાથે હિંમતનગર-શામળાજી હાઈવેની હાલત કુટીચર બની છે. સીક્સલેનની ઠપ્પ થયેલી કામગીરીમાં અપાયેલા આડેધડ ડાયવર્ઝન વાહન ચાલકો અને સ્થાનિક ખેડૂતો માટે માથાના

દુખાવારૂપ બની ગયાં છે તેમાંય તાજેતરમાં વરસેલા ધોધમાર વરસાદ પછી હાઈવે ઉપર મસ મોટા ખાડા પડી જતાં વાહનોના સ્પેરપાર્ટ જુદા થઈ જાય તે રીતે ઠેકડા મારતાં વાહનો પસાર થઈ રહ્યાં છે. હાઈવે ઓથોરીટી દ્વારા ભયજનક ગાબડાંનું સમારકામ કરવામાં આવ્યું ન હોવાના કારણે ખાડા ટાળવાના પ્રયાસમાં વાહનો રોડની સાઈડમાં ઉતરી અકસ્માતનો ભોગ બનવા લાગ્યાં છે. ઠેર ઠેર ગાબડાં પડી ગયાં હોવાથી વાહનો કાચબા ગતિએ પસાર કરવાની વાહન ચાલકોને ફરજ પડી રહી છે જેના કારણે હાઈવે ઉપર ટ્રાફીકજામની સમસ્યા ઉભી થઈ છે. રાયગઢ, ગાંભોઈ સહિતના વિસ્તારોમાં હાઈવે ઉપર ભયજનક ગાબડાં પડ્યાં હોવાથી વાહન દુર્ઘટનાઓ વધી છે. બંને સ્થળ વેપારી મથક હોવાના કારણે રોજ ગ્રામ્ય વિસ્તારના વાહન ચાલકો પોતાનાં વાહનો લઈ ખરીદી માટે આવતા હોય છે પરંતુ ભંગાર હાઈવેના કારણે મુશ્કેલીમાં મૂકાતા હોય છે. હિંમતનગર-શામળાજી હાઈવે નેશનલ હાઈવે હોવાના કારણે પરપ્રાંતના હજારો વાહનો અવર જવર કરી રહ્યાં હોવા છતાં હાઈવે ઓથોરીટી દ્વારા હાઈવેના સમારકામથી હાથ અદ્ધર કરી દેવામાં આવ્યા છે જેના કારણે હાઈવે સંલગ્ન ગામોની પ્રજા અને વેપારીઓમાં જબ્બર રોષ પ્રવર્તિ રહ્યો છે. ગાબડાના કારણે ઉભી થતી ટ્રાફીકની સમસ્યામાં વાહનો અટવાઈ જતાં હોવાથી રાજસ્થાનથી આવતી ટ્રાવેલ્સની બસોને હવે શામળાજી આશ્રમથી ગામડાના રસ્તે હિંમતનગર ડાયવર્ટ થવાની ફરજ પડતી હોય છે.

ખાડાના કારણે રીક્ષા, દ્વિ-ચક્રી વાહન ચાલકોના માથે જોખમ

હિંમતનગર-શામળાજી હાઈવે ઉપર ઠેર ઠેર ભયજનક ખાડા પડ્યા છે જેના કારણે મુસાફરી ભરીને પસાર થતી રીક્ષાઓ તેમજ દ્વિ-ચક્રી વાહન ચાલકોના માથે જોખમ ઉભું થયું છે. ખાડા ટાળવાની પેરવી કરવા જતાં રીક્ષા સહિત દ્વિ-ચક્રી વાહનો ગોથું ખાઈ જતાં હોવાથી રોજ હાઈવે ઉપર અકસ્માતના હાદસા શરૂ થયા છે.

'મફતનું તો મફત પણ ના જોઈએ....!!'

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૨૧

આપણા ઘરની વાત કરીએ તો ઘરની જવાબદાર વ્યક્તિ જોડે પરિવારના બાકીના સભ્યો કોઈપણ પ્રકારના યોગદાન વગર બધું મફત માંગે તો તે વ્યક્તિ ઘર કેવી રીતે ચલાવી શકે?? નેતાઓ પ્રજાને મફતમાં લ્હાણી કરીને દેશ ચલાવવા માંગે છે તો એ દેશ કેવી રીતે ચાલશે?? "મફતમાં લેવાવાળી આપણી સંસ્કૃતિ નથી, કોઈ પ્રસંગમાં આમંત્રણ મળે ત્યાં પણ આપણે મફતમાં જમતા નથી અને ચાંદલો આપીને આવતા હોઈએ છીએ..." કેજરીવાલને ભારતની આવનાર પેઢી ક્યારેય માફ નહિ કરે!! કેજરીવાલના નિવેદનો પરથી એવું લાગે છે કે તેઓ પહેલાના જમાનામાં જમીનદાર કે મૂડીવાદી લોકોનું અનુસરણ કરી રહ્યા છે, લોકોને મફતનું ખાવાની આદત પાડીને નકામા કે આળસુ બનાવી દેવાની મૂડીવાદીઓ નીતિ હતી!! કર્મ અને ધર્મની થિયરી ઉપર ચાલતી આ દેશની સંસ્કૃતિ વચ્ચે દેશમાં કેજરીવાલ કોઈ એલિયન બનીને આવ્યા લાગે છે...

તમે વીજળી, પાણી, શિક્ષણ, ભોજન બધું મફતમાં આપવાની વાત કરો છો... જનતા એક દિવસ સાવ આળસુ થઈ જશે અને ૧૦ વર્ષ પછી વોટ માંગવા આવસો ત્યારે એવી ડિમાન્ડ કરશે કે હવે તમે રાંધીને અન્નનો કોળિયો પણ મોમાં મૂકી આપો!! જનતાને કર્મશીલ બનાવવાની જગ્યાએ આળસુ બનાવવાનું પાપ શુ કામ કરી રહ્યા છો?? મફતનું આપીને ભારત દેશને આળસુ અને નકામો બનાવીને તમારા રોટલા શુ કામ શેકો છો?? હા, જનતાને રસ્તા, વીજળી,પાણી, રોજગાર, ખેતી કે પશુપાલન જેવી સગવડો કે સવલતો જરૂરથી પ્રદાન કરો પરંતુ તેનો યોગ્ય અને વ્યાજબી ચાર્જ જરૂરથી લ્યો!! તમે દેશમાં મફતનું આપવાની વાત છોડો અને દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરો... દેશની સમસ્યા મફતનું આપવાથી ઘટવાની નથી ઉલટાની સમસ્યાઓ વધશે.

દેશમાં નેતાઓ અને વહીવટી અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા થતા ભ્રષ્ટાચારને રોકવાની વાત કરો તો પ્રજા તમને આશીર્વાદ આપશે!! ઈદ્ધ એ થોડીક લાલ આંખ કરી તો ભ્રષ્ટ લોકોમાં ફફડાટ થઈ ગયો એવી આ ઈડી ને સહકાર આપો!! મફતમાં આ આપીશું, ફલાણી વસ્તુઓ આપીશું તો શું તમે કુબેર ભંડારીના વંશજો છો?? તમારા ઘરે કે પક્ષ જોડે રૂપિયાના ઢગલા પડ્યા છે??? દેશના અને જનતાના કરોડો રૂપિયા ચાઉ કરી જતા ચોર લોકોને પકડો તો જનતા ખુશ થઈ જશે!! તમે અન્ય ગ્રહમાંથી આવેલા એલિયન છો કે પછી તમારી જોડે કોઈ કામધેનુ હાથમાં આવી છે જે બધું મફતમાં આપી શકે?? મફતનું આપવાનું નામ લઈને તમે દેશની જનતાને અવળા હાથે કાન પકડાવો છો.... ચાર વસ્તુ મફતમાં આપીને આઠ વસ્તુ ઉપર તમે ભાવ વધારો કરશો તેમાં જનતાને શુ લાભ??

જેમને પણ મફતનું લેવાની આદત પડી છે તેમનો ઈતિહાસ તો જુવો!! "દેશની જનતાને સગવડ અને સાધન આપો પણ સાથે સાથે રોજગાર માટે ઝઝૂમતા શીખવાડો... ગરીબ ભોળી જનતાને વધુ લાચાર બનાવવાનું પાપ ના કરો તો તમે મહેરબાની કરી ગણાશે...." આજે જન્માષ્ટમી છે અને આવતી કાલે પારણા કરો અને નિયમ લ્યો કે મફતનું નહિ આપીએ પણ દેશની જનતાને જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીશું જેથી જનતાને શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી કે રોજગારમાં કોઈ અગવડતા ના રહે!! ટૂંકમાં દેશની જનતાનો હાથ પકડવો જોઈએ પરંતુ તમે તો મોમાં કોળિયો મુકવાની વાત કરો છો જે આગળ જતાં જનતાને ખૂબ નડવાનું છે....

આજે મહેન્દ્રસિંહ બારૈયા કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે કેસરિયો ધારણ કરશે

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસમાં આખરે ગાબડું પડયુ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો અને આજે કોંગ્રેસ

કાર્યકરો હોદેદારો સાથે કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ના હસ્તે કેસરિયો ધારણ કરશે. આંતરીક વિખવાદ અને પરીવારવાદની નીતીને લઈ રાજીનામુ ધર્યુ હોવાનું કારણ દર્શાવ્યું પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય અને ક્ષત્રિય ઠાકોર આગેવાન મહેન્દ્રસિંહ બારૈયાએ ભારે અટકળો બાદ રવિવારે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. મહેન્દ્રસિંહ બારૈયાએ રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને રાજીનામું મોકલ્યું છે જેમાં તેમણે પક્ષમાં આંતરીક વિખવાદ અને પરીવારવાદની નીતીને લઈ રાજીનામુ ધર્યુ હોવાનું કારણ દર્શાવ્યું છે નોંધનીય છે કે આજે સોમવારે તેઓ કમલમ ખાતે સીઆર પાટીલના હસ્તે કેસરી ખેસ ધારણ કરી ભાજપમાં જોડાશે કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવવાની વાત સ્પષ્ટ કરી હતી જો કે પૂર્વ ધારાસભ્ય રાજીનામું આપશે અને બાજપમાં જોડાશે તેવો સંકેત તેમણે પહેલા જ આપી દીધો હતો જેના ભાગરૂપે રવિવારે પ્રાંતિજમાં માર્કંડેશ્વર મહાદેવ મંદિર ધાર્મિક કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા કરી તેમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય અને ક્ષત્રિય ઠાકોર આગેવાન મહેન્દ્રસિંહ બારૈયાએ રાજીનામુ ધરતાં અટકળો બાદ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવવાની વાત લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરી આ નિર્ણય જાહેર કર્યો જયારે પ્રાંતિજ માર્કેટયાર્ડ થી તેવોના સમર્થકો સાથે રેલી સ્વરૂપે ગાંધીનગર કમલમ ખાતે જઈ ને સીઆર પાટીલના હસ્તે કેસરી ખેસ ધારણ કરી ભાજપમાં જોડાશે પ્રાંતિજ માર્કેટયાર્ડ મહાદેવ મંદિર ખાતે લઘુરુદ્ર યજ્ઞ બાદ તેવોએ આ નિર્ણય જાહેર કર્યો હતો તો ધાર્મિક કાર્યક્રમ મા સાંસદ દિપસિંહ રાઠોડ , પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ કાર્યદા મંત્રી વી.ડી. ઝાલા, સહિત કોંગ્રેસ-ભાજપના હોદેદારો કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા તો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ મીડીયા સમક્ષ કોંગ્રેસ માંથી રાજીનામુ આપ્યુને ભાજપમાં જોડાશે તેવુ જણાવ્યુ હતુ.

અરવલ્લી જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મળી જિલ્લા સંકલન બેઠક

બાયડ તા.૨૧

મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી. જેમાં ધારાસભ્ય શ્રી જશુભાઇ પટેલે ખેડૂતોના પ્રશ્નો, વિદ્યાર્થીઓ માટે રેગ્યુલર બસ,નગરપાલિકાના પ્રશ્નો, જળસંચય, જમીન સંપાદન,માર્ગ વિકાસ, વિજળી, શિક્ષણ, રેવન્યુંને લગતા પ્રશ્નોને સાંભળવામાં આવ્યા. જવાબદાર અધિકારીઓ દ્વારા તેમના યોગ્ય જવાબ આપવામાં આવ્યા.લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા સૂચન કરવામા આવ્યા. બેઠકમાં જિલ્લાની વિકાસલક્ષી યોજનાઓ જેવીકે આદર્શ ગ્રામ યોજના,ફેમિલિ ફર્સ્ટ સમજાવટનું સરનામું યોજનાનો અમલ થાય,દરેક જનલક્ષી યોજનાઓનો લાભ, વરસાદના લીધે રસ્તાઓનું ધોવાણ થયું છે તેની કામગીરીની ચર્ચા કરવામાં આવી.લંપી વાઈરસ અને અન્ય યોજનાઓને લઈને ચર્ચા કરવામાં આવી. જિલ્લા વિકાસને લઈને પણ બેઠકમાં ચર્ચાવિચારણા કરવામાં આવી. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અધિક નિવાસી કલેક્ટર એન.ડી.પરમાર સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ, ધારાસભ્ય જશુભાઇ પટેલ અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતાં.